બદલતા ભારત

# સોનગઢ કોલેજ ખાતે વિકસિત ભારત સંદર્ભે Start-up Talk કાર્યક્રમ યોજાયો




તસવીરઃ જબ્બાર પઠાણ (સોનગઢ)

**(બદલતા ભારત દૈનિક)**

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના તારીખ ૭/૧૦/ ૨૦૨૪ ના પરીપત્ર અન્વયે અત્રેની સરકારી વિનયન અને વાણિજય કોલેજ સોનગઢ, તાપી ખાતે આજરોજ તા- ૧૧/ ૧૦/૨૦૨૪, વિકાસ સપ્તાહ સંદર્ભે Start- up talk આયોજન કરાયું.સરકારી વિજ્ઞાન કોલેજ,વરાછાના બોટની વિભાગના અધ્યક્ષ IP તજજ્ઞ ડો.સંજય સિદ્ધપરા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજના આચાર્ય શ્રી રાજેશ પટેલના અધ્યક્ષ સ્થાને કોલેજના ઈનોવેશન કલબ અને SSIP સેલના સંયુક્ત ઉપક્રમે (ઓનલાઈન મોડ)કાર્યક્રમ યોજાયો હતો. કોલેજમાં અભ્યાસ કરતા BA/ B.com ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામા ઓનલાઈન જોડાયા હતા.અને મૂંઝવતા પ્રશ્નો પૂછી સમાધાન મેળવ્યું હતું. કોલેજના આચાર્ય શ્રી રાજેશ પટેલે " દિવંગત ઉદ્યોગપતિ રતન ટાટાના ઉમદા જીવન માંથી શીખવા અને પ્રેરણા લેવાની હાકલ કરી. તજજ્ઞ ડો.સંજય સિદ્ધપરાએ વ્યવહારુ ઉદાહરણો આપી ભણતા ભણતા ઉદ્યોગ કે ધંધા માટે રાજય સરકારની SSIP નીતિ અને સહાય અંતર્ગત ઉપયોગી જાણકારી આપી. મુખ્ય વકતા તરીકે નોકરી લેનાર નહિ, દેનાર બનવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમનું સંચાલન ડૉ હિરેન કાકડીયાએ કરી હતું. આભારવિધિ અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રોફે. નીલિમાબેન ચૌધરીએ કરી.કોલેજના તમામ અધ્યાપકોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો.